# ચિત્રલેખા

1950થી સદા અગ્રેસર



ડિમાન્ડ નીકળી છે લૅબ-ગ્રોન ડાયમંડ જ્વેલરીની...

સૌરાષ્ટ્ર: નગર નાનાં... બજાર મોટી!

૦૧ નવેમ્બર, ૨૦૨૧ | ૨૩૫

chitralekha.com



## મા-બાપની મૂંઝવણ... પરવરિશની પળોજણ...

## ઈન્સ્ટા–સ્નૅપચૅટ–બૅટલગ્રાઉન્ડ ને ફ્રી ફાયરના ઘોર કળિયુગમાં બાળઉછેર...

# ...તપાસ, તારણ ને તકેદારી!

બોલીવૂડના બાદશાહ શાહરુખ ખાનના બેટા આર્યન ખાનની ડ્રગ્સ મામલે ધરપકડ થઈ એ સાથે ઊલટતપાસ થઈ રહી છે પરવરિશની. આજકાલ પેરન્ટિંગ એક પડકાર બનતો જાય છે ત્યારે આ વિશે જાણીએ નિષ્ણાતોનાં નિરીક્ષણ ને મેળવીએ એમની જ પાસેથી શિખામણ...

**કેતન મિસ્ત્રી** (મુંબઈ) | **મહેશ શાહ** (અમદાવાદ)




ધ વૉલ... હાલમાં જ ભારતીય ક્રિકેટ ટીમના કોચ તરીકે જેમની નિમણૂકની વાત બહાર આવી એ રાહુલ દ્રવિડનું ઉપનામ છે: ધ વૉલ. થોડા સમય પહેલાં ભૂતપૂર્વ કૅપ્ટન રાહુલ દ્રવિડની એક તસવીર મોબાઈલક્લિક થયેલી. રાહુલ જ્યાં રહે છે એ બૅંગલુરુમાં મોટા પાયે યોજાયેલા વિજ્ઞાનમેળાની એ તસવીર હતી. રાહુલ અને એનાં બે સંતાન બીજાં માવતર-બાળકો સાથે પોતાનો વારો આવે એની વાટ જોતાં લાઈનમાં ઊભાં છે. ફોટોગ્રાફ સાથે લખાણ હતું: કોઈ પણ જાતનો શૉઑફ નહીં, સેલિબ્રિટી ક્રિકેટર હોવાની મગજમાં હવા નહીં, પેજ-થ્રીનો ઍટિટ્યૂડ નહીં... એલા એય, તું મને ઓળખતો નથી? એવું કહેવાનો તો સવાલ જ નથી.

હવે જરા આ દૃશ્ય, જેના ચિત્રલેખાના પ્રતિનિધિ સાક્ષી બનેલા: મુંબઈ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર ન્યુ યૉર્કથી લૅન્ડ થયેલી ફ્લાઈટના પૅસેન્જર્સ ઈમિગ્રેશનની લાઈનમાં ઊભા છે, જેમાં ત્રીસીમાં પ્રવેશેલું એક દંપતી એનાં બે સંતાન સાથે ઊભું છે. અચાનક એ બન્ને સંતાનોના હાથ ઝાલી, રિબનની નીચેથી લાઈન કુદાવતાં આગળ જવા માંડે છે. એક બહેન આનો વિરોધ નોંધાવતાં કહે છે: 'મિસ્ટર, તમે બાળકોને આ શું શીખવી રહ્યા છો?' સૌના આઘાત વચ્ચે પેલું દંપતી એ બહેન સાથે ઝઘડવા માંડે છે: 'ચલ, એ હોશિયારી... જોઈ મોટી ડિસિપ્લિનની પૂંછડી...' વગેરે. જો કે દંપતીનાં બન્ને




બાળકો ડ્યાઈને લાઈનમાં ઊભાં રહી ગયાં.

□□□

**હાલ** શાહરુખ ખાનના દીકરા આર્યન ખાનનો ડ્રગ્સકેસ ચર્ચામાં ચડ્યો છે. બે ઑક્ટોબરે નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોએ આર્યન ખાનને મુંબઈના બારામાંથી ઊપડીને ગોવા જનારી વૈભવશાળી ક્રૂઝ પરથી કેફી દ્રવ્ય ધરાવવા બદલ પકડેલો. આ ઘટનાના થોડા જ સમયમાં શાહરુખ ખાનના જૂના વિડિયો, ફોટા વહેતા થયા, જેમ કે વાનખેડે સ્ટેડિયમ પર શાહરુખનું સિક્યોરિટી ગાર્ડ્સ સાથે ગેરવર્તન તથા ટીવી પર સિમી ગરેવાલને આપેલી મુલાકાત, જેમાં એ કહે છે કે *કિશોરાવસ્થામાં હું જે ન કરી શક્યો એ બધું આર્યન કરે એવું ઈચ્છું છું: ડ્રગ્સ, અફેર,* વગેરે.

અલબત્ત, તે વખતે શાહરુખ જે બોલ્યો એ કદાચ હળવાશમાં બોલ્યો હશે, પણ નેશનલ ટીવી પરથી એ શું બોલે છે એનું એને ભાન હોવું જોઈએ.

આર્યન ખાન ડ્રગ્સકેસ વિશેની એક રસપ્રદ વાત એ છે કે લોકો અત્યારે શાહરુખ-ગૌરી ખાને પોતાનાં સંતાનોને જે રીતે ઉછેર્યાં એની, પેરન્ટિંગના એમના તરીકાની ચર્ચા કરવા માંડ્યા છે. જો કે આ ઘટના માત્ર શાહરુખ-ગૌરી માટે જ નહીં, બલકે દરેક માવતર માટે એક એલાર્મ છે. તમે તમારાં સંતાનોને ઉમદા એજ્યુકેશન આપતાં હશો, એમને જોઈએ એવા સ્માર્ટફોન, આઈપેડ અપાવ્યાં હશે, બ્રાન્ડેડ કપડાં અપાવ્યાં હશે, ટૂંકમાં, એમની ડિમાન્ડને હેઠી પાડ્યા વિના અધ્ધર ઝીલી લઈને એમના પ્રત્યે તમારો પ્રેમ વ્યક્ત કરતાં હશો, પણ શું આ યોગ્ય પેરન્ટિંગ છે? અને એવું બિલકુલ નહીં માનતાં કે પેરન્ટિંગની સમસ્યા તો પૈસાદારોને ત્યાં હશે. ધ્યાન રાખજો કે બાળઉછેર સાથે સંકળાયેલાં અનેક દૂષણ આજે મિડલ ક્લાસ ઘરમાં પણ પેસી ગયાં છે.

- અને એટલે જ આજના હળાહળ ભૌતિકવાદના ને સોશિયલ મિડિયાના આક્રમણના કાળમાં પેરન્ટિંગ પડકાર બનતું જાય છે ત્યારે *ચિત્રલેખા*એ આ અંગે અમુક નિષ્ણાતોને મળીને બાળઉછેર અંગેની અવનવી ચેલેન્જ અંગે તપાસ, તારણ કાઢી એ વિશે તકેદારી મૂકવાનો પ્રયાસ કર્યો છે.

જેમ કે સુરતસ્થિત માસ્ટર ટ્રેનર જિતેન્દ્ર ટિંબડિયા કહે છે: 'ઉછેરને લીધે કોઈ ગાંધીજી બને

છે તો કોઈ આર્યન ખાન... બાકીના આ બેની વચ્ચે પાંગરે છે.'

વૈદિક સંસ્કૃત સાહિત્ય તથા મોડર્ન સાયન્સનું ઊંડું જ્ઞાન ધરાવતા તેમ જ દેશ-દુનિયાની ચાઈલ્ડ સાઈકોલોજીના ઊંડા અભ્યાસુ જિતેન્દ્રભાઈએ પોતાના અનુભવના આધારે મોબાઈલ એપ તૈયાર કરી છેઃ *ડ્રીમ ચાઈલ્ડ પેરન્ટિંગ*. જેનો એકમાત્ર હેતુ છેઃ ગર્ભસંસ્કારથી ગર્ભસંસ્કાર સુધી અર્થાત્ બાળક માના ગર્ભમાં હોય ત્યારથી જ એનો વૈદિક અને વૈજ્ઞાનિક ઢબે ઉછેર. આ રીતે ઊછરેલા બાળકનો સર્વાંગી વિકાસ થાય અને એના ઘરે સંતાન જન્મે ત્યાં સુધીનું, ગર્ભસંસ્કારથી ગર્ભસંસ્કાર સુધીનું એક આખું ચક્ર પૂરું થાય અને એ રીતે સર્વોત્તમ ભારતનું નિર્માણ થાય. આ માટે એમણે કોર્સને ચાર તબક્કામાં વહેંચ્યો છેઃ (૧) ગર્ભસામર્થ્યઃ બાળકના પ્લાનિંગથી ગર્ભાવસ્થાના નવ મહિના, (૨) શિશુસામર્થ્યઃ એટલે કે બાળક જન્મે ત્યારથી લઈને એ ત્રણ વર્ષનું થાય ત્યાં સુધી, (૩) બાળસામર્થ્યઃ એટલે કે ચાર વર્ષથી ૧૨ વર્ષ અને (૪) યુવાસામર્થ્યઃ ૧૨ વર્ષથી પચ્ચીસ વર્ષ. જો કે હાલ મોબાઈલ એપ દ્વારા ગર્ભસામર્થ્ય તથા શિશુસામર્થ્ય કોર્સ મેળવી શકો છો, યુવાસામર્થ્ય પર કામ ચાલી રહ્યું છે. અલબત્ત, બાળકના જન્મ બાદ પણ આમાં જોડાઈ શકાય છે.

જિતેન્દ્રભાઈ ચિત્રલેખાને કહે છેઃ 'ભારત જ નહીં, બલકે અહીં ચાઈલ્ડહૂડમાં બહુ આગળ એવા ઈંગ્લૅન્ડ, જપાન, અમેરિકા, વગેરે દેશોમાં થયેલા અભ્યાસમાંથી ફલિત થયું છે કે ગર્ભના નવ મહિના અને એ પછીનાં છ વર્ષ બાળક માટે, એના ઉછેર માટે બહુ જ મહત્ત્વનાં છે. બાળકના મગજનો સૌથી વધુ વિકાસ ગર્ભમાં થતો હોય છે...'

હવે ધારો કે ગર્ભાવસ્થામાં કોઈ માતા એવું વિચારે કે મારે તો કરિયર બનાવવી *હતી* ને આ પ્રેગ્નન્સી ક્યાં આવી ગઈ આવા નેગેટિવ વિચારથી બને એવું કે બાળકને ગર્ભમાં હોય ત્યારથી જ *હું* અનવૉન્ટેડ ચાઈલ્ડ *છું* એવી પ્રતીતિ થવા માંડે. એના બદલે *હું* નસીબદાર કે મને માતૃત્વનું વરદાન મળ્યું એવા પોઝિટિવ વિચાર સાથે સ્ત્રી સારો આહાર આરોગે, સારું સંગીત સાંભળે, સારાં પુસ્તક વાંચે તો આનો ઘણો ફાયદો આવનારા બાળકના ઘડતર પર પડશે.

## વિવિધ નિષ્ણાતોનાં મંતવ્ય

### ડૉ. પ્રશાંત ભીમાણી



- સંતાનના કમાન્ડર નહીં, કમ્યુનિકેટર બનો.
- સંતાનની વાત નૉન-ક્રિટિકલ અને નૉન-જજમેન્ટલ થઈને સાંભળો.
- બાળકના સારા વર્તનને પ્રોત્સાહિત કરો. એ માટે ક્યારેક ગિફ્ટ આપો.
- એનામાં કરુણા વિશેની સમજણ, બીજાનાં દુઃખ સમજવાની વૃત્તિ કેળવો.
- હિંસક વિડિયો ગેમ રમતાં અટકાવો.
- ઘરમાં હિંસક વાતાવરણ ન સર્જાય એની કાળજી લો.
- સમજપાત્ર બનાવીને ચોકીપહેરો રાખનારા હેલિકોપ્ટર પેરન્ટ ન બનો.

પોતાની મોબાઈલ એપ્સ માટે પચ્ચીસથી વધુ ટ્રેડમાર્ક લેનારા તથા અમુકની પેટન્ટ લેતા સજ્જ જિતેન્દ્ર ટિમ્બડિયા પોતાનાં સહયોગી ધવલ લેરા, સુયોગી ટિમ્બડિયા તથા ગાયનેકોલૉજિસ્ટની ટીમ સાથે મોબાઈલ એપ્સનાં સંચાલન તથા આ વિશેના નિયમિત સેમિનારો યોજે છે. પ્રેગ્નન્સી દરમિયાન એ ભાવિ માતાને દરરોજ વાર્તા, સંગીત, લેક્ચર્સ જેવી નિયમિત ઍક્ટિવિટી આપે છે. *ડ્રીમ ચાઈલ્ડ ગર્ભસંસ્કાર* એપમાં પાંચસોથી વધુ મટીરિયલ ફ્રી છે. બીજી એપ છે *ડ્રીમ ચાઈલ્ડ પેરન્ટિંગ* અર્થાત્ કોઈ માવતર બાળકના જન્મ પછી પણ (*ડ્રીમ ચાઈલ્ડ પેરન્ટિંગમાં*) જોડાઈ શકે છે.

અમદાવાદના જાણીતા સિનિયર સાઈકોલૉજિસ્ટ ડૉ. પ્રશાંત ભીમાણી કહે છેઃ 'મારી



**બાળક ગર્ભમાં હોય ત્યારથી જ એનું ઘડતર કરતી એપ 'ડ્રીમચાઈલ્ડ ગર્ભસંસ્કાર'ના સેમિનારનું દૃશ્ય.**

## હસમુખ પટેલ

- તમારું બાળક જેના માટે કુદરતી રીતે સર્જાયું છે એ ટેલેન્ટ શોધી એને પ્રોત્સાહિત કરો.
- સંતાનને સતત સલાહ-સૂચન આપવાને બદલે મોઢે પટ્ટી બાંધી દેવાનું વલણ રાખવું.
- તમારી અપેક્ષા મુજબ સંતાનનો વિકાસ કરવા માટે પ્રયત્નો ના કરશો.
- માતા-પિતાએ માળીકર્મ કરવાનું છે, પ્રજાપતિ કર્મ નહીં.
- સંતાનના વિકાસ માટે અનુકૂળતા ઊભી કરવાની છે, અડચણ નહીં.
- બીજા સાથે સરખામણી કરીને તમારા સંતાનની ટીકા ન કરો.



પાસે આવતા કેસમાં પંચાવન ટકા બાળઉછેરની સમસ્યાને લગતા હોય છે. આજે બાળઉછેરની સમસ્યા વકરી છે. જો કે માતા-પિતા જાગ્રત હોવાથી સમસ્યાના ઉકેલ માટે ત્વરિત માર્ગદર્શન લે છે એ સારી નિશાની છે.'

એક દાખલો આપતાં એ કહે છેઃ 'મારી પાસે આવેલાં એક દંપતીએ કોઈ સંસ્થામાંથી દત્તક પુત્ર લીધેલોઃ મિમાંસ. થોડા સમય બાદ મિમાંસના પિતાનું અવસાન થયું એટલે માતાએ મિમાંસ પોતાની મેળે ઘડાય એ હેતુથી એને હોસ્ટેલમાં ભણવા મૂક્યો. જો કે પરિણામ કંઈક જુદું મળ્યું. મિમાંસ હોસ્ટેલના અમુક મિત્રોના કુસંગથી વિડિયો ગેમ રમવાનો અને નશાનો બંધાણી થઈ ગયો.'

ડૉ. ભીમાણી ઉમેરે છેઃ 'મિમાંસને હોસ્ટેલમાં માતાની બહુ યાદ આવતી. એવામાં કોઈકે કહ્યું, તું તો દત્તક દીકરો છે. ત્યારથી મિમાંસને ભારે આઘાત લાગ્યો અને માની લીધું કે હું દત્તક હોવાથી મને હોસ્ટેલમાં મૂક્યો હશે. એનું દુઃખ ભૂલવા એ વિડિયો ગેમ રમતો અને ક્યારેક નશો પણ કરતો.'

આ કેસની છણાવટ કરતાં એ કહે છે કે કિશોરાવસ્થામાં હોર્મોનલ બદલાવ વખતે બાળકોમાં તરંગી વૃત્તિ વધી જાય. એ સમયે થ્રિલ-રોમાંચની ઈચ્છાપૂર્તિ માટે અમુક કિશોર-કિશોરીને સિગારેટ-ડ્રગ કે દારૂની લત લાગે તો અમુકને હિંસક વિડિયો ગેમ રમવાની, જેમાં કોઈને મારવામાં આક્રમક બનવાનો કે લોહી નીંગળતું જોવામાં એ આનંદ અનુભવે છે.

બીજો એક કિસ્સો વર્ણવતાં ડૉ. પ્રશાંત ભીમાણી કહે છેઃ 'અમદાવાદના બારેક વર્ષના એક બાળક વિપુલને પોતાની માતા, પિતરાઈ બહેન, વગેરેના વાળ કાપીને નોટબુકમાં સંતાડવાની વિચિત્ર કુટેવ વળગેલી. સાથે એ કોના વાળ છે એની વિગત પણ લખતો. એક દિવસ ઘરમાં વિપુલના હાથમાંથી નોટ પડી જતાં વાળનો ઢગલો જમીન પર પડ્યો. આ જોઈને ડરી ગયેલી માતા એને મારી પાસે લાવી. કાઉન્સેલિંગમાં વિપુલે કહ્યું કે એક રિલેટિવે મારી મમ્મીના વાળનાં ખૂબ વખાણ કર્યાં ત્યારે મને લાગ્યું કે હવે મારી મમ્મી પોતાના વાળની ખૂબ માવજત કરશે અને પેલા અંકલ સાથે વધુ વાતો કરશે આથી મારી પ્રત્યે ધ્યાન નહીં આપે. એ રોકવા હું મમ્મી અને મને ગમતી વ્યક્તિના વાળ કાપી લેતો, જેથી એ વ્યક્તિના વાળનાં કોઈ વખાણ ન કરે અને એ વ્યક્તિનો મને પ્રેમ મળતો રહે.'

ગુજરાતના આઈપીએસ અધિકારી તથા બાળઉછેરને લગતાં પુસ્તકના લેખક હસમુખ પટેલ કહે છેઃ 'ક્યારેક વધુપડતું જિદ્દી બાળક પણ સમસ્યા ખડી કરતું હોય છે.'

આનું એક ઉદાહરણ આપતાં એ કહે છેઃ 'હું વલસાડમાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ હતો ત્યારે વારંવાર ચરફોડી કરનારા યુવાન મકસૂદની અટકાયત કરી એને જેલમાં મોકલ્યો હતો. એ જેલમાં હતો ત્યારે એક દિવસ એની માતા મને મળવા આવી. એણે પુત્રની ધરપકડ અંગે ફરિયાદ, નારાજગી કે એને છોડવાની વિનંતી ન કરી. એ મને કહે કે મેં મકસૂદને કોન્વેન્ટમાં ભણાવ્યો. તે વખતે એ કોઈ મિત્ર પાસે વસ્તુ જોઈને એ વસ્તુ



અન્ય મિત્રો સાથે ઝડપાયેલો આર્યન ખાન 'એનસીબી'ની કસ્ટડીમાં: સંતાનોને છૂટ આપવી તો ક્યારે ને કેટલી આપવી?




ઘરની ચાર દીવાલ વચ્ચે મોબાઈલના સ્ક્રીન પર આંખો ફોડીને હિંસક ગેમ રમતાં બાળકને જરા બહારની દુનિયાનો પરિચય કરાવો, એના

ખરીદવાની જિદ કરતો, પરંતુ આર્થિક કારણસર હું એની ઈચ્છા પૂરી કરી શકી નહોતી. લાગે છે, કદાચ એના લીધે એ ચોરીના રવાડે ચડ્યો હશે...'

હસમુખ પટેલના બાળઉછેરમાં ઊંડા ઊતરવાના મૂળમાં છે એમનો પોતાનો પુત્રીઉછેરનો અનુભવ. બીના અને હસમુખ પટેલને એક દીકરી આસ્થા. ૨૦૦૩માં આસ્થા ત્રણ વર્ષની હતી ત્યારે એ ખૂબ જિદ કરતી. પ્રથમ નજરે બાળસહજ વર્તન લાગે, પણ હસમુખભાઈને ચિંતા થઈ એટલે એ સાઈકોલોજિસ્ટને મળ્યા. એ મુલાકાત બાદ એમણે દીકરીના ઉછેરમાં રસ લીધો. એ માટે અઢળક વાંચન અને ચિંતન કર્યું.

ડૉ. પ્રશાંત ભીમાણી કહે છેઃ 'સંતાનને પૂરતો સમય ન આપી શકનારી માતાએ આ અંગે એની સામે ક્ષોભની લાગણી વ્યક્ત ન કરવી... અમુક મહિલા દિવસભર નોકરી કરીને સાંજે ઘેર આવીને સંતાનને ખૂબ વહાલ કરે અને બાળકે દિવસભર શું કર્યું એની વિગતો પૂછે ત્યારે બાળકને લાગે કે મમ્મી મારી પ્રવૃત્તિ જાણવા જ મને વહાલ કરે છે. સંતાન આવું ન વિચારતાં થાય એ માટે એને બિનશરતી પ્રેમ કરો.'

બિનશરતી પ્રેમની સાથે સાથે જ જરૂરી છે સંતાનની વાતોને કાન આપવાનો. હસમુખ પટેલ કહે છેઃ 'સંતાન જ્યારે પોતાની વાત કરતું હોય ત્યારે વચ્ચે તમે તમારી વાત કહેવા માંડશો તો એ પોતાની વાત બંધ કરી દેશે. જો એમ થશે તો તમે ઘણી વાતો અને સંભવિત ભયસ્થાનથી અજાણ રહી જશો.'

જિતેન્દ્ર ટિંબડિયા એક મહત્ત્વનો મુદ્દો રજૂ કરતાં કહે છેઃ 'સંયુક્ત કુટુંબ બાળઉછેરમાં બહુ મોટો ભાગ ભજવે છે. દાદા-દાદી કે વડીલો પાસે ઊછરતાં બાળકો ઈમોશનલી સ્ટ્રોન્ગ બને છે, કેમ કે એમની આગળ એ પોતાની લાગણી સહજતાથી વ્યક્ત કરી શકે છે... આજે વધુ ને વધુ કુટુંબો વિભક્ત એટલે કે ન્યુક્લિયર બનતાં જાય છે, જેને લીધે બાળકની સપોર્ટ સિસ્ટમ નબળી પડતી જાય છે. ઘરમાં ત્રણ કે બહુ બહુ તો ચાર જણ હોય, જેમાંથી બે (પતિ-પત્ની) મોટા ભાગનો સમય ઘરની બહાર વિતાવતાં હોય છે. સમય મળે ત્યારે

## જિતેન્દ્ર ટિંબડિયા



- માણસમાત્ર લાગણીનો ભૂખ્યો છે. બાળકને માતા-પિતાની લાગણી જોઈએ.
- સંતાનના સવાલના સચોટ જવાબ આપો. એક વાર કહ્યું ને?' એવો જવાબ નહીં ચાલે.
- બાળક મોબાઈલ ઘરના સૌની સામે વાપરે એવો આગ્રહ રાખો.
- ઓનલાઈન ક્લાસમાં રૂમ બંધ કરવાની જરૂર નથી.
- મોબાઈલ વાપરવામાં વિવેક જરૂરી. જરૂરત પૂરતો જ વાપરવો.
- છેલ્લી ટિપ મા-બાપ માટે પણ છેઃ તમે વિવેક રાખશો તો સંતાન રાખશે.



ઘડતરમાં મદદરૂપ થાય એવી આઉટડોર ઍક્ટિવિટીમાં પરોવો.

## આશા વઘાસિયા



- બાળકોની ઊલટતપાસ લેતાં હો એમ એને સવાલો ન પૂછો.
- માતા-પિતાએ બાળકને સવાલ પૂછવાની પદ્ધતિ બદલવી.
- સંતાનોને ક્યારેય ટોણા ન મારવા કે ઠપકો ન આપવો.
- એની સોશિયલ મિડિયા ઍક્ટિવિટી પર નજર રાખો.

એમની પ્રાથમિકતા વ્હોટ્સઍપ, ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક હોય. બીજા શબ્દોમાં એ પોતાના જ વિશ્વમાં રાચતાં હોય... આવા સંજોગમાં બાળક પોતાની લાગણી, સમસ્યા કોની આગળ વ્યક્ત કરે? આગળ જતાં એ ધરબાયેલી લાગણી બહુ ખતરનાક રીતે બહાર આવતી આપણે જોઈ છે. અત્યારે જોઈ રહ્યા છીએ...'

આ તથા અન્ય નિષ્ણાતોની એક મહાચિંતા છે આજનાં પેરન્ટ્સ પાસે સંતાનો માટેના સમયનો અભાવ, કેમ કે સૌ પોતપોતાની ક્ષમતા પ્રમાણે સંતાનોની જરૂરતો પૂરી કરે છે, પણ જે સૌથી જરૂરી છે એ છે સમય અને સમય એટલે માત્ર સમય નહીં, પણ ક્વૉલિટી ટાઈમ. એક જમાનામાં માતા-પિતા બાળકોને લઈને પિકનિક પર જતાં. આજે કેટલાં પેરન્ટ્સને, સંતાનોને પિકનિક કે ઉજાણી જેવા શબ્દ યાદ હશે? આજે આઉટિંગના નામે એ શૉપિંગ મૉલ કે રેસ્ટોરાંમાં જાય છે અને ત્યાં પણ સૌ પોતપોતાના મોબાઈલ ફોનમાં ખૂંપેલા હોય છે. ખાવાનું પિરસાય એટલે ધડાધડ એના ફોટા ને સેલ્ફી લેવા મંડે છે, કેમ કે ભોજન માણવાને બદલે એમની પર ફલાણી રેસ્ટોરાંમાં જમવા ગયાની દુનિયાને જાણ કરવાનું પ્રેશર છે. એમના મતે, જો આ ફોટા વ્હોટ્સઍપ કે ઈન્સ્ટાગ્રામ પર મૂકવામાં નહીં આવે તો જાણે ધરતી રસાતાળ જશે.

અમદાવાદસ્થિત પેરન્ટિંગ કાઉન્સેલર આશા વઘાસિયા જરા જુદી વાત કરતાં કહે છેઃ 'માતા-પિતા બનવાના વિચારથી, બાળકનું પ્લાનિંગ કરો ત્યારથી જ બાળઉછેરની જવાબદારી શરૂ થાય છે. સૌથી પહેલાં તો દંપતી શારીરિક, માનસિક અને લાગણી (ફિઝિકલી-મેન્ટલી-ઈમોશનલી)થી સંતાન પેદા કરવા માટે સજ્જ હોવાં જોઈએ. પ્રસૂતિ પહેલાં, પ્રસૂતિ દરમિયાન અને પ્રસૂતિ બાદ, સંતાન જન્મ બાદ એ બાળઉછેરના મહત્ત્વના તબક્કા છે, જેમાં દંપતીએ પેરન્ટિંગને પોતાની લાઈફસ્ટાઈલનો જ એક ભાગ ગણી એને અપનાવવું જોઈએ તથા બાળકની વય અને વિકાસની સાથે પોતે પણ સતત બદલાતાં રહેવું પડે.'

એક ઉદાહરણ આપતાં એ કહે છેઃ 'અમદાવાદનો રોહન યુવાવયે વિધુર થયો. એણે એક બાળકની માતા એવી ડિવોર્સી પ્રાંજલ સાથે પુનર્લગ્ન કર્યાં. રોહનને પોતાને નવેક વર્ષની દીકરી હેત્વી હતી. લગ્નના થોડા દિવસ બાદ પ્રાંજલને હેત્વીનું વર્તન બદલાતું લાગ્યું. એ કોઈનું કહ્યું માનતી નહીં અને નાની-નાની વાતે ગુસ્સે થઈ સામા જવાબ આપતી. એને સમજાવવાના બધા પ્રયાસ નિષ્ફળ જતાં એ મારી પાસે સલાહ લેવા આવ્યાં. મેં હેત્વીને એને જે ગમે એ પ્રવૃત્તિ કરવા કહ્યું તથા એને પૂરતો સમય ફાળવવા પ્રાંજલ અને રોહનને સમજાવ્યાં. આમ થેરપી બાદ પરિણામ ફળદાયી નીવડ્યું.'

આશાબહેન ઉમેરે છે કે માતા-પિતાએ બાળકને અમુક કાર્યમાં, પ્રવૃત્તિમાં પસંદગીના વિકલ્પ આપવા જોઈએ અને અમુક જવાબદારી પણ સોંપવી જોઈએ, જેથી બાળક સ્વતંત્ર નિર્ણય લેતાં શીખે.

મહાન કેળવણીકાર ગિજુભાઈ બધેકા કાયમ એક વાત કહેતાઃ 'મા-બાપને હંમેશાં થાય કે બાળકનાં વાણી-વર્તન અમારી પ્રત્યે કેમ અયોગ્ય છે, કારણ કે બાળક પ્રત્યે આપણાં (મા-બાપનાં) વાણી-વર્તન અયોગ્ય છે...' સાચું-ખોટું ભગવાન જાણે, પણ સમાચાર હતા કે આર્યન ખાને પિતા શાહરુખ ખાનને મળવું હોય તો ઍપોઈન્ટમેન્ટ લેવી પડતી. હવે જો કે એણે કાઉન્સેલિંગમાં સારા નાગરિક બનવાની, બીજાને મદદ કરવાની, મા-બાપને ગર્વ થાય એવાં કાર્ય કરવાની ખાતરી આપી છે. આશા રાખીએ કે આ બધું સાચું પડે ને આ ઘટનામાંથી એ (અને માવતર) ધડો લે. ◻

ફૂડ તસવીરોઃ પ્રદ્યોત વ્યાસ । દીપક પુરી